# પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી કેમ્પ – ચોથો રાઉન્ડ

**પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે નીચે મુજબની સુચનાઓને ધ્યાનમાં લેશો.**

(૧) ઓનલાઈન અરજીની પ્રિન્ટ તથા તેમાં દર્શાવેલ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત બે નકલ લાવવી.

(૨) ઉમેદવારને ફાળવેલ સુચિત સમય કરતા એક કલાક વહેલા નિયત સ્થળે પહોંચવું. ફાળવેલ સમય પત્રક કરતા મોડા આવેલ ઉમેદવારોની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી જેની નોંધ લેશો.

(૩) પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે ઉમેદવારે જાતે જ હાજર રહેવું.

(૪) અનુભવ ફકત માન્ય પ્રાથમિક શાળાનો જ ઓછામાં ઓછો ૩ વર્ષનો જરૂરી છે. હાઈસ્કુલ/હાયર સેકન્ડરી કે પીટીસી–બી.એડ. કોલેજનો અનુભવ માન્ય ગણાશે નહી.

(૫) **પ્રાથમિક શાળાનો અનુભવ માટે નીચે મુજબના પુરાવા લાવવાના રહેશે.**

- પ્રાથમિક શાળાના અનુભવના આધાર પુરાવામાં ડાયસ ડેટાની જિલ્લા કચેરીએથી તમામ વર્ષની નકલ કઢાવી એમઆઈએસના સહી/સિકકાવાળી અસલ તથા ઝેરોક્ષ નકલ લાવવાની રહેશે. અથવા શિક્ષકોના હાજરી પત્રકની નકલ અથવા બેંક મારફત પગારના આધારો અથવા ઈસ્પેકશનના રીપોર્ટના આધારની પ્રમાણિત નકલ.
- કેજીબીવીના શિક્ષક તથા બીઆરપીએ હુકમની નકલ, સંસ્થામાં ફરજ બજાવ્યા બાબતનું પ્રમાણપત્ર, રીન્યુઅલ હુકમની નકલ આપવાની રહેશે.
- ધોરણ–૧ થી ૧૨ કે સંયુકત શાળાઓમાં પ્રાથમિકમાં તમે ફરજ બજાવ્યા બાબતનું સંસ્થાના વડાનું લખાણ તેમજ અસલ/ઝેરોક્ષ

(૬) ઓનલાઈન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની ખરાઈમાં ક્ષતિ જણાયે અથવા માન્ય ન હોય તેવા પ્રમાણપત્રોની ખરાઈ કરી આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૭) પ્રમાણપત્રો ચકાસણી અને જિલ્લા પસંદગીને અંતે જે તે જિલ્લાની સુચિત જિલ્લા પસંદગી યાદી જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરને અત્રેથી મોકલી આપવામાં આવશે.

(૮) જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર ધ્વારા સુચિત જિલ્લા પસંદગી યાદીના અગ્રતાક્રમના ઉમેદવારોને જિલ્લાના ખાલી જગ્યાના પ્રમાણમાં અત્રેથી ફાળવેલ જગ્યાઓના સીઆરસી માટે અગ્રતાક્રમ અનુસાર સીઆરસી પસંદગી માટે સંભવિત સીઆરસી પસંદગી કેમ્પ અને કરાર આધારિત નિમણુંક જે તે જિલ્લા કચેરી ધ્વારા યોજવામાં આવશે. જેના સ્થળ અને સુચિત સમય પત્રક આ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. જેથી અત્રે જિલ્લા પસંદગી કરેલ ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવુ. આ માટે અલગથી કોઈ પત્રવ્યવહાર કે જાણ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.